અપીલ અરજી નં.૮૦ તા.૨૫–૬–૦૯/૧૦

અરજદારઃ– શ્રી વિજય ડી. દેસાઈ

સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિજય ડી. દેસાઈની તા.૧૬–૫–૦૯ ની અરજીથી નાનપુરા હબીબશા મહોલ્લામાં આવેલી મિલકત નં.૧/૧૭૯૦–બ નું બાંધકામ પ્લાન મંજુર કરાવીને કરવામાં આવ્યું છે? પ્લાન મંજુર થયો હોય તો તેમાં આર્કીટેકટની જ સહી કરેલી છે કે કેમ? મંજુર પ્લાન મુજબનું બાંધકામ કરવામાં આવેલ છે કે નહીં ? વિગેરે બાબતે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૫–૬–'૦૯ ની અપીલ અરજી નં.૮૦/૨૦૦૯–૧૦

શ્રી વિજય ડી. દેસાઈની તા.૧૬–૫–૦૯ ની અરજીથી નાનપુરા ,હબીબશા મહોલ્લામાં આવેલી મિલકત નં.૧/૧૭૯૦–બ નું બાંધકામ પ્લાન મંજુર કરાવીને કરવામાં આવ્યું છે? પ્લાન મંજુર થયો હોય તો તેમાં આર્કીટેકટની જ સહી કરેલી છે કે કેમ? મંજુર પ્લાન મુજબનું બાંધકામ કરવામાં આવેલ છે કે નહીં? વિગેરે બાબતે માહિતી આપવા બાબતે આપેલ જવાબ ગોળગોળ અને અધુરો હોવાનું જણાવી મળેલપ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫–૬–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૨૮ તા.૩–૭–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)ને તથા અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૫૨ તા.૪–૬–૦૯ થી મળેલ પ્રતિભાવમાં ગોળ ગોળ અને અધૂરી માહિતી આપ્યાના અપીલમાં કરેલ દાવા અંગે આધાર અને વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૪૪૮ તા.૧૪–૭–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજી, અરજદારને આપેલ માહિતીની પત્ર નં.સ ે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૫૨ તા.૪–૬–૦૯ ની નકલ તેમજ નોંધ વિભાગ આર્કીટેકટનું પ્રમાણપત્રની નકલ મળેલ છે. જયારે અરજદારનો તા.૧૩–૭–૦૯ નો પત્ર મળેલ છે. જેમાં આર્કીટેકટના સહી બાબતે અભિપ્રાય જોવા મંજુર પ્લાનના પુરાવા જોવા દેવા તથા જાહેર માહિતી અધિકારીની કચેરીના અધિકારીઓની સ્થળ મુલાકાતના રીપોર્ટની નકલ જોવા માટે રજૂઆત કરેલ છે.

અરજદારની તા.૧૬–૫–૦૯ ની અરજીથી નાનપુરા ,હબીબશા મહોલ્લામાં આવેલી મિલ્કત નં.૧/૧૭૯૦–બ નું બાંધકામ પ્લાન મંજુર કરાવીને કરવામાં આવ્યું છે? પ્લાન મંજુર થયો હોય તો તેમાં આર્કીટેકટની જ સહી કરેલી છે કે કેમ? મંજુર પ્લાન મુજબનું બાંધકામ કરવામાં આવેલ છે કે નહીં? કલેકટરશ્રીનું હુકમનામું પ્લાન મંજુર કરતી વખતે સામેલ કરેલ છે કે નહીં? કલેકટરના હુકમનામા પ્રમાણે અરજદારે જે કબુલાતનામું લખી આપેલ છે તેની શરતોનું પાલન કર્યુ છે કે નહીં?જો તેનું પાલન ન કરાયું હોય તો આપના રફથી કોઈ પગલા લેવામાં આવ્યા ન હોય તો તે પગલા નહીં લેવા પાછળના કારણોની માંગણી કરેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૫૨ તા.૪–૬–૦૯ થી મુદ્દા નં.૧ વોર્ડ નં.૧ નોંધ નં. ૧/૧૭૯૦–બ નું બાંધકામ પ્લાન મંજુર કરાવવામાં આવ્યું છે? જે અંગે બાંધકામ મંજુર કરાવીને થયેલ છે તેવી માહિતી આપેલ છે. મુદ્દા નં.૨ પ્લાન મંજુર થયો હોય તો તેમાં આર્કીટેકટની સહી આર્કીટેકટે કરેલ છે કે કેમ? જે અંગે સદર મિલ્કતમાં મંજુર થયેલ પ્લાનમાં આર્કીટેકટની સહી તેઓએ કરેલ છે તે જે તે કર્મચારીની હાજરીમાં કરેલ હોવાનું રેકર્ડ પર નથી. પરંતુ રજૂ કરેલ સર્ટીફીકેટ ઓફ સુપરવીઝનમાં કરેલી સહી મંજુર થયેલ પ્લાનમાં કરેલી સહી મુજબ જણાય છે. અરજદારે અપીલ તબકકે આર્કીટેકટની સહી બાબતે આર્કીટેકટનો અભિપ્રાય લેવામાં આવેલ નથી તેવી રજૂઆત કરેલ છે જે અરજદાર તરફથી રાખવામાં આવતો આગ્રહ આરટીઆઈ એકટની કલમ ૨(એફ) અને ૨ (જે) હેઠળ અને માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ સાથે સુસંગત નથી. મુદ્દા નં.૩ મંજુર પ્લાન મુજબ બાંધકામ કરવામાં આવેલ છે કે નહી જે રેકર્ડ ઉપર નથી તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે તા.૨૫–૬–૦૯ ના પત્રમાં કાર્યપાલક ઈજનેર અને ઝોનલચીફની વીઝીટ દરમ્યાન બાંધકામની ગેરકાયદેસરતા નજરે કેમ ના આવી? તે બાબતે રજૂઆત કરેલ છે. મુદ્દા નં .૪ અને ૫ કલેકટરશ્રીના હુકમનામા પ્રમાણે અરજદારે જે કબુલાતનામું લખી આપેલ છે તેની શરતોનું પાલન કરેલ છે કે નહીં અને જો પાલન ન કરાયું હોય તો અને કોઈ પગલા લેવામાં આવ્યા ન હોય તો તેના કારણો? જે અંગે જાહેર માહિતી અધિકારીએ કલેકટરશ્રીનું હુકમનામું પ્લાન રજૂ કરતી વખતે સામેલ કરેલ નથી. જેથી તેને સંલગ્ન માહિતીની વિગતો અત્ર ે નથી તેવી માહિતી આપેલ છે. જે અંગે અરજદારે મુદ્દા નં.૪ અને ૫ બાબતે જતીનભાઈ દેસાઈને રૂબરૂ મુલાકાતમાં અમારા પ્રતિનિધિ સાથે રજૂ કરેલ છે. જે અંગે શું પગલા લીધા? જે જણાવવા બદલ હુકમનામું સામેલ નથી તેથી સંલગ્ન માહિતી ઉપલબ્ધ નથી એમ જણાવી ખરેખર નિયમ મુજબનીકાર્યવાહી નહી કરી બાંધકામ કરનારને બચાવવાનો ખોટો બાલીશ પ્રયાસ કરેલો હોવાનું જવાબમાં જણાય છે તેવી રજૂઆત કરેલ છે. પરંતુ અરજદારે અપીલ તબકકે પાઠવેલ પત્રમાં તેમના પ્રતિનિધિ ધ્વારા કયારે હુકમનામું રજૂ કર્યુ ? કે તે અંગેના આધાર પુરાવા અપીલ તબકકે રજૂ કરેલ નથી તેમજ તેમની મૂળ અરજીમાં પણ પ્લાન મંજુર કરતી વખતે હુકમનામું સામેલ હતું કે નહી તેની માહિતી માંગવામાં આવેલ છે જે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી

પાડવામાં  આવેલ છે.આમ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પાડેલ જણાય છે. અરજદારની પુરાવાની તપાસણી, સ્થળ મુલાકાતના રીપોર્ટની નકલ વિગેરે મુળ અરજીમાં સમાવિષ્ટ માહિતી જણાયેલ નથી. આમ મુળ અરજી અને નિકાલના સમય દરમ્યાનની વિગતો બાબતે  પુનઃ રજૂઆત કરેલ છે. જે અલગ જણાય છે.

***<u>હુકમ</u>***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૫–૦૯ ની  અરજીથી માંગવામાં આવેલી  દફતરી ઉપલબ્ધ માહિતી અરજદારને સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ હોઈ અપીલ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી તેથી અપીલ દફતરે કરવામાં આવે છે. અરજદારે અપીલ તબકકે માંગણી કરેલ પૂરક માહિતી અને દફતરી તપાસણીની વિગતો મૂળ અરજીમાં સમાવિષ્ટ ન હોઈ તે અંગે કોઈ નિર્ણય લેવાનો રહેતો નથી.

અરજદાર ઈચ્છુક હોય તો કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી અલાયદી અરજી ધ્વારા માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ :   –૭ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***<br>
અ***ને એપેલેટ ઓફિસર***<br>
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી  અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)..... જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી વિજય ડી. દેસાઈ,